પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૦૪ | ૧૪ જાન્યુઆરી, ૨૦૧૮, રવિવાર ; પોષ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ૭૩ માછીમારો માદરેવતન પહોંચ્યા

પાકિસ્તાનની જેલમાં યાતના ભોગવી તાજેતરમાં મુક્ત થયેલા ૭૩ માછીમારો માદરેવતન વેરાવળ પહોંચ્યા છે. લાંબા સમયે પરિવારજનો મળતા ભાવુક દશ્યો સર્જાયા હતા.

### પદ્માવતી ચાર રાજ્યોમાં રીલીઝ નહી થાય

ફિલ્મ પદ્માવતીમાં ફેરફાર કરાયા બાદ પણ મધ્યપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન અને હિમાચલ પ્રદેશમાં તે રીલીઝ નહી થઈ શકે. આ રાજ્યોએ વિરોધના પગલે રીલીઝ અટકાવી છે.

### ઓએનજીસીનું હેલિકોપ્ટર ક્રેશ

મુંબઈના દરિયાકાંઠે અંદાજે ૩૦ નોટિકલ માઈલના અંતર પર અરબ સાગરમાં ઓએનજીસીનું એક હેલિકોપ્ટર ક્રેશ થયું છે. આ હેલિકોપ્ટરમાં ૭ લોકો સવાર હતા અને તે કંપનીના નોર્થ ફીલ્ડની તરફ જઈ રહ્યા હતા. દરિયામાંથી કેટલોક કાટમાળ મળી આવ્યો છે જે હેલિકોપ્ટરનો હિસ્સો છે. તેની સાથે ૪ મૃતદેહ પણ મળી આવ્યા છે.

### જાપાનમાં ભારે બરફવર્ષા

જાપાનમાં બારે બરફવર્ષા થતા લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે. જાપાનના નિગાતામાં ભારે બરફવર્ષાને લઈને આશરે ૪૩૦ લોકો આખી રાત ટ્રેનમાં ફસાયેલા રહ્યા.

# દહાણુના દરિયામાં બોટ પલટી : ૪ના મોત

**સેલ્ફી લેવા બાળકો એક તરફ ભેગા થતા બોટ પલ્ટી હોવાનો ખુલાસો : ૩૨ બાળકોને બચાવી લેવાયા, સ્કૂલના બાળકો પીકનીક કરવા આવ્યા હતા**



દહાણુ,તા.૧૩

ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદ પર આવેલા દહાણુના દરિયામાં વિદ્યાર્થીઓને લઈને જઈ રહેલી બોટ પલટી ગઈ છે. દહાણૂમાં ૪૦ શાળાના બાળકો સાથે જઈ રહેલી બોટ દરિયામાં પલટતા ગોઝારી ઘટના બની છે. આ ઘટના દરિયા કિનારાથી ૨ નોટિકલ મીલના અંતરે થઈ હતી. કે.એલ પૌંડા સ્કૂલના વિદ્યાર્થીઓ પીકનીક કરવા ગયા હતા ત્યારે આ ઘટના બની હતી. ૪ બાળકોના મોત થઈ ગયા છે અને ૩૨ બાળકોને બચાવી લેવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા જ પ્રશાસનની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. રેસ્કયુ અને બચાવની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. કોસ્ટગાર્ડની ટીમ પણ બચાવ અને રાહત કાર્યમાં જોડાઈ છે. કોસ્ટગાર્ડ દ્વારા પણ બચાવ અને રાહતનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

બીજીબાજુ ઘટનાની જાણ થતા દહાણું કોસ્ટગાર્ડ અને મુંબઈ કોસ્ટગાર્ડ દ્વારા યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરુ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# વિવાદને ઉકેલવા માટે મોદી સરકાર સક્રિય થઈ

**ચીફ જસ્ટીસ મિશ્રાને મળવા સચિવ નૃપેન્દ્ર મિશ્રા પહોંચ્યા હતા પરંતુ મિટિંગ નહીં થઇ હોવાના હેવાલ**

નવી દિલ્હી,તા. ૧૩



સુપ્રીમ કોર્ટના ચાર જજ દ્વારા પત્રકાર પરિષદ યોજીને ગઈકાલે શુક્રવારે ન્યાયિક ક્ષેત્રમાં ખળભળાટ મચાવી દીધા બાદ હવે આ વિવાદને ઉકેલી દેવાના પ્રયાસ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર ગંભીર દેખાઈ રહી છે. ભાજપ સરકાર વાતચીતમાં સક્રિય થઈ ગઈ છે. આજે સવારે મોદીના મુખ્ય સચિવ નૃપેન્દ્ર મિશ્રા ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા દિપક મિશ્રાને મળવા માટે પહોંચી ગયા હતા. તેમને મુખ્ય ન્યાયાધીશના આવાસની બહાર નજરે પડ્યા હતા. અલબત્ત સુત્રોએ કહ્યુ છે કે મિશ્રા મુલાકાત માટે પહોંચી ગયા હતા પરંતુ વાતચીત થઈ શકી ન હતી.

બીજી બાજુ પોતાના આવાસથી બહાર નિકળતી વેળા એટર્ની જનરલ કેકે વેણુગોપાલે કહ્યુ છે કે સમગ્ર મામલાને વહેલી તકે ઉકેલી લેવામાં આવશે. સરકાર વિવાદને લઈને વાતચીતનો દોર આગળ વધારી રહી છે. શુક્રવારના દિવસે પણ એટર્ની જનરલ અને સીજેઆઈ વચ્ચે વાતચીત થઈ હતી. દેશના ઈતિહાસમાં પ્રથમ વખત સુપ્રીમ કોર્ટના જજના આંતરિક મામલો સપાટી પર આવ્યો હતો.

# પ્રાંસલાની રાષ્ટ્રકથા શિબિરમાં આગ : ત્રણ કિશોરી ભડથુ

**પ્રાંસલાની આગ દુર્ઘટનાને લઇ ગુજરાત સહિત દેશભરમાં હાહાકાર : અન્ય ૨૧ કિશોરીઓ ગંભીર રીતે દાઝી, અનેક ગંભીર : સરકાર દ્વારા મૃતક કિશોરીઓના પરિવારજનોને ચાર-ચાર લાખ રૂપિયાની સહાયતાની જાહેરાત**

અમદાવાદ, તા.૧૩



રાજકોટ જિલ્લાના ઉપલેટાથી ૩૦ કિલોમીટર દૂર આવેલા પ્રાંસલા ખાતે ચાલી રહેલી રાષ્ટ્રકથા શિબિરમાં વિદ્યાર્થીનીઓના ટેન્ટમાં ગઈકાલે મોડી રાત્રે શોર્ટ સર્કીટના કારણે ભયાનક આગ ફાટી નીકળતાં ત્રણ શિબિરાર્થી કિશોરીઓ ભડથું થઈ ગઈ હતી. જો કે, હજુ મોતનો આ આંક વધે તેવી પણ શકયતાઓ વર્તાઈ રહી છે. બીજીબાજુ, આગની આ ભયંકર દુર્ઘટનામાં ૨૧ જેટલી કિશોરીઓ ગંભીર રીતે દાઝી જતાં તેઓને રાજકોટ સહિતની અન્ય સરકારી તેમ જ ખાનગી હોસ્પિટલોમાં સારવાર અર્થે દાખલ કરાઈ હતી. પ્રાંસલાની રાષ્ટ્રકથા શિબિરમાં આગ દુર્ઘટના અને જાનહાનિને પગલે ગુજરાત સહિત સમગ્ર દેશભરમાં ભારે હાહાકાર મચી ગયો છે. દુર્ઘટનાની ગંભીરતા ધ્યાને લઈ રાજય સરકારે સમગ્ર મામલામાં રાજકોટ કલેકટરને તપાસના આદેશો જારી કર્યા છે. સાથે સાથે ત્રણ મૃતક કિશોરીઓના પરિવારજનોને ચાર-ચાર લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે. જો કે, હાલ તો, પ્રાંસલાની આગ દુર્ઘટનાને લઈ ભોગ બનેલા અને પીડિત પરિવારજનોમાં ઉગ્ર આક્રોશની લાગણી ફેલાયેલી જોવા મળી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર સમાચાર

## અંક બંધ

આજે ઉત્તરાયણ પર્વ નિમિત્તે તા. ૧૪-૧-૨૦૧૮ને રવિવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે જેથી તા. ૧૫-૧-૨૦૧૮ને સોમવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક

# કાર્તિ ચિદમ્બરમ્‌ના આવાસ પર દરોડા

**પૂર્વ નાણાંપ્રધાન ચિદમ્બરમના પુત્રના ચેન્નાઇ અને દિલ્હી સ્થિત આવાસ ઉપર દરોડા**

નવી દિલ્હી, તા.૧૩

ભુતપૂર્વ કેન્દ્રિય પ્રધાન પી.ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમના ચેન્નાઈ અને દિલ્હી સ્થિત આવાસ પર આજે સવારથી દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. કોંગ્રેસ પાર્ટીએ દરોડાની કાર્યવાહીને લઈને નારાજગી વ્યક્ત કરી છે. મની લોન્ડરિંગ સાથે સંબંધિત કેસમાં એન્ફોર્સમેન્ટ દ્વારા દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કોંગ્રેસના નેતા રણદીપ સુરજેવાલાએ આ દરોડાની કાર્યવાહીને હાસ્યાસ્પદ ગણાવી છે. તેમણે કહ્યુ છે કે ભાજપ સરકાર રાજકીય દ્વેશભાવથી દરોડાની કાર્યવાહી કરી રહી છે. તેમણે આક્ષેપ કરતા કહ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની સરકાર ઈડી અને સીબીઆઈ મારફતે વિપક્ષ સાથે બદલો લઈ રહી છે. આ પહેલા આજે સવારે ઈડીની ટીમે ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમના ચેન્નાઈ અને દિલ્હી સ્તિત સ્થળો પર દરોડા પાડ્યા હતા. ઈડીએ મની લોન્ડરિંગના કેસમાં દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. બે દિવસ પહેલા જ ઈડીએ કાર્તિની સામે સમન્સ જારી કરીને તેમની સામે કાર્યવાહીનો સંકેત આપ્યો હતો. ઈડીએ ગુરૂવારના દિવસે આઈએનએક્સ મિડિયા મની લોન્ડરિંગ કેસમાં કાર્તિની ગેરહાજરીને લઈને સમન્સ જારી કર્યુ હતુ. સત્તાવાર સુત્રોએ કહ્યુ હતુ કે કાર્તિને હવે તપાસ સંસ્થાએ ૧૬મી જાન્યુઆરીના દિવસે હાજર થવા માટે કહ્યુ છે. ઈડી દ્વારા સીબીઆઈની ફરિયાદના આધાર પર કાર્તિ, આઈએનએક્સ મિડિયા અને તેમના નિર્દેશકો પીટર અને ઈન્દ્રાણી મુખર્જીની સામે કેસ દાખલ કર્યો હતો.













